ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ

**જાહેરાત ક્રમાંક : GSRTC/201920/32 કંડકટર કક્ષામાં સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે O.M.R. આધારીત હેતુલક્ષી લેખિત પરીક્ષા લેવા તથા પરીક્ષા ફી ભરવા અંગે**

કંડકટર કક્ષાની જાહેરાત ક્રમાંક : GSRTC/201920/32 અન્વયે નિગમની વેબસાઈટ https://gsrtc.in ઉપર તા.૨૭/૪/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ આખરી મેરીટયાદીના ઉમેદવારોની O.M.R. આધારીત હેતુલક્ષી લેખિત પરીક્ષાનું તા.૨૯/૮/૨૦૨૧ના રોજ આયોજન હાથ ધરેલ હોઈ, સદરહુ ઉમેદવારોની પરીક્ષા માટેની હોલટીકીટ, પરીક્ષાનો સમય, પરીક્ષા સ્થળની સુચનાઓ હવે પછી નિગમની વેબસાઈટ https://gsrtc.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. વધુમાં, તા.૨૭/૪/૨૦૨૧ ના રોજ નિગમની વેબસાઈટ https://gsrtc.in ઉપર પ્રસિધ્ધ કરેલ આખરી મેરીટયાદી પૈકીના ફકત બિનઅનામત (જનરલ) કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની હતી, તે પૈકી જે ઉમેદવારોએ પરીક્ષા ફી ભરેલ નથી તેવા ઉમેદવારોએ પરીક્ષા ફી રૂા.૨૫૦/– ઉપરાંત પોસ્ટલ ચાર્જ રૂા.૧૨/– એમ કુલ રૂા.૨૬૨/– કોઈપણ ઈ–પોસ્ટ ઓફીસ ખાતે અથવા રૂા.૨૫૦/– નિગમની કોઈ પણ વિભાગીય કચેરી ખાતે રૂબરૂ જઈ તા.૨/૮/૨૦૨૧ થી તા.૧૩/૮/૨૦૨૧ સુધીમાં (કચેરીના કામકાજના સમય દરમ્યાન) જમા કરાવવાની રહેશે. પરીક્ષા ફી ભરતા સમયે નિગમની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરેલ આખરી મેરીટયાદીમાં દર્શાવેલ અરજીપત્રક નંબર / કન્ફર્મેશન નંબરવાળી ઓનલાઈન અરજીપત્રકની ઝેરોક્ષ નકલ સાથે રાખી ફી ભરવાની રહેશે. ફી ભર્યા બદલની સહી / સિકકા સાથેની રસીદ અવશ્ય મેળવી લેવાની રહેશે અને તે રસીદ પરીક્ષા સ્થળે અચુક લાવવાની રહેશે. ઉમેદવારો પાસેથી અન્ય કોઈ સ્ત્રોત ધ્વારા પરીક્ષા ફી સ્વિકારવામાં આવશે નહીં જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. પરીક્ષા ફી ભરવા માટે નિગમની તમામ વિભાગીય કચેરીના નામ તથા સરનામા નિગમની વેબસાઈટ https://gsrtc.in ઉપર અલગથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

તા.૩૧/૭/૨૦૨૧ મેનેજર,

સ્થળ : અમદાવાદ મેનપાવર મેનેજમેન્ટ એન્ડ ઓડીટ સેલ